ક્રમાંક:મઉમશબ/શા.નિ./ ૫૮૫૩/૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૩૦-૦૯-૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય : ધોરણ-૯ થી ૧૨ સળંગ એકમ થતાં વિનિયમ-૧૨(ક)ની સ્પષ્ટતા કરવા બાબત.
સંદર્ભ :- બોર્ડની કારોબારી સમિતિ તા.૨૦/૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ૬૬૩/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમની જોગવાઇ ૧૨ (ક) અંગે સ્પષ્ટતા થવા બોર્ડને રજુઆત મળેલ,

વિનિયમ ૧૨ (ક) (૧)ની જોગવાઇ આ મુજબ છે "અધિકારીની લેખિત પૂર્વ મંજૂરી મેળવ્યા વિના શાળા રજીસ્ટરમાંની નોંધોમાં કોઇ પણ ફેરફાર કરી શકાશે નહી" એટલે કે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને આવી નોંધોમાં ફેરફાર મંજુરી આપવાની સત્તા મળેલ છે ઉક્ત વિનિયમ ૧૨ (ક) (૪) અને ૧૨ (ક) (૫)માં શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં ફેરફાર કરવા અંગેની પ્રવિધી જણાવેલ છે વિનિયમ ૧૨ (ક) (૬)ની જોગવાઇ આ મુજબ છે "વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધોમાં કોઇ ફેરફાર કરી શકાશે નહી" વિનિયમ ૧૨ (ક) (૬)ની જોગવાઇ ધ્યાને લેતાં વિદ્યાર્થી ખરેખર શાળામાં હાલ ધોરણ-૯ થી ૧૨ પૈકી કોઇપણ ધોરણમાં અભ્યાસ ચાલુ હોય તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્રમાંની નોંધોમાં ફેરફાર કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પહોચે છે.

ખરેખર વિદ્યાર્થીએ શાળામાં ધોરણ -૯ થી ૧૨ દરમ્યાન શાળા છોડી દીધેલ હોય કે શાળાકીય અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા કિસ્સામાં આ સુધારો લાગુ પડશે નહી.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તમામ શાળાઓને જાણ કરો
15/10/19

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
આવક નં. ૬૩૩૬
તારીખ: ૯/૧૦

ક્રમાંક:માધ્ય/ક.૧/૨૦૧૯/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૧૬/૧૦/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, આર.એમ.એસ.એ, મોડેલ, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળા તમામ
જિ.ભાવનગર

ઉપરોક્ત બાબતે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner